ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0





બાપા મોરીયા... - વિઘ્નહર્તા ગણપતિ બાપા આવતીકાલથી શહેરમાં ઘરે-ઘરે વાજતે-ગાજતે પધારશે.... અમીર-ગરીબ જેવા ભેદભાવ વિના સામાજીક સમરસતાના દેવ ગણપતિબાપા ભારતીય સમાજ જીવનમાં શ્રદ્ધાબિંદુ છે... જીવનના વ્યક્તિગત કે સામુહિત પર્વો - પ્રસંગોમાં ગણપતિ બાપાનું સ્થાપન સૌ પ્રથમ કરાય છે... દુંદાળો દેવ બધાની વેદના સાચવે... સારા-નરસાનો ભેદ પારખે અને સમયને પારખવાની અદભૂત શક્તિ જેમનામાં છે એવા ગણપતિ બાપાને વધાવવા સમગ્ર શહેરમાં ભારે થનગનાટ છે... સાંસ્કૃતિ કાર્યક્રમોના માધ્યમથી સમગ્ર સમાજ એક સાથે બેસીને બાપાની સ્તુતિ - વંદના કરશે... આજ અને આવતીકાલના તમામ વિઘ્નો હટી જાય એવી પ્રાર્થના સાથે આ વર્ષે શહેરમાં બે વર્ષના અંતરાલ બાદ ગણેશોત્સવ ધામધૂમથી ઉજવાશે.... ગણપતિ બાપા મોરીયા.... મંગલમૂર્તિ મારીયા....

# સેકટરોમાં અત્યંત ડહોળા પાણી સામે આક્રોશ

**વરસાદી દિવસોમાં એકબાજુ પાણીનો વપરાશ ૨૦ ટકા ઘટયો છે આમછતા સેકટરોમાં પાણી પુરતા ફોર્સથી આવતુ ન હોવાનો કકળાટ : રોગચાળાના સંજોગોમાં ડહોળા પાણીની સમસ્યા નિવારવા માટે સેકટરવાસીઓની ઉગ્ર માંગ**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં ચોમાસાના પ્રારંભથી સેકટરોમાં ડહોળુ પાણી આવતુ હોવાનો કકળાટ ઉઠવા પામ્યો હતો જો કે થોડા સમયથી ડહોળા પાણીની સમસ્યા હળવી થઇ ગઇ હતી પરંતુ છેલ્લા બે ત્રણ દિવસથી સેકટરોમાં સપ્લાય થતુ પાણી અત્યંત ડહોળુ આવતુ હોવાનો પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. એકબાજુ કોરોના ઉપરાંત મચ્છર જન્ય રોગચાળાએ જોર પકડયુ છે. ત્યારે પાણીની ગુણવત્તા સામે પણ સવાલો મંડરાતા સ્થાનિકોમાં રોગચાળાની દહેશત પ્રબળ બની છે. સેકટરોમાં સપ્લાય થતા પાણીની ગુણવત્તા ચકાસવા માટે વધુ નમુના લેવામાં આવે તેમજ સેકટરવાસીઓને ચોખ્ખુ પાણી મળે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ સ્થિતિ વચ્ચે વરસાદી દિવસોમાં પાણીનો ઉપયોગ ૨૦ ટકા જેટલો ઘટી ગયો હોવાછતા હજુ પણ નવા સેકટરોના કેટલાક પોકેટમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની પોકાર પણ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં વરસાદી દિવસોની શરૂઆત થતા સેકટરોમાં ડહોળુ પાણી આવતુ હોવાનો કકળાટ પ્રવર્તો છે. ચોમાસાની શરૂઆતના અંતે જ ભારે વરસાદના લીધે કેનાલમાં પાણીનો પ્રવાહ વધતા ડહોળા પાણીની સમસ્યા જટીલ બની હતી જો કે થોડા સમય રાહત થયા બાદ હાલની સ્થિતિએ સેકટરોમાં ડહોળા પાણીની સમસ્યા પુનઃ



નાગરિકો માટે ચિંતાનુ કારણ બની છે. સેકટરોમાં આજે પણ સવારે અપાતા પાણીના સપ્લાય દરમિયાન નળમાંથી અત્યંત ડહોળુ પાણી આવતા સેકટરવાસીઓમાં આક્રોશ પ્રવર્તયો હતો. સેકટરવાસીઓ ડહોળુ પાણી જોઇને ડઘાઇ ગયા હતા જયારે આ પાણી આરોગ્ય માટે જોખમી હોવાનો આક્રોશ પણ સ્થાનિકોએ વ્યકત કર્યો હતો. સેકટરવાસીઓમાં નળમાંથી આવતા પાણીની ગુણવત્તા સામે સવાલો મંડરાયા છે. અગાઉ પણ ડહોળા પાણીની સમસ્યાના અતં તંત્રએ સપ્લાય થતુ પાણી પીવાલાયક હોવાનુ જણાંવ્યુ હતુ જો કે પાણીનો ઉપયોગ ઉકાળીને કરવા માટે પણ જણાવાયુ છે. સતત વરસાદના લીધે નભોઇ કેનાલમાં પાણીનો ફોર્સ વધતા પાણીમાં ડહોળાશ વધી છે. એકબાજુ સેકટરોમાં ડહોળા પાણીની સમસ્યા પેચીદી બની છે. ત્યારે બીજીતરફ સે-૩ સહીત નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો રોષ પણ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે. તંત્રના શુધ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા વધારવાની પણ અનિવાર્યતા છે.

શહેરમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પણ પાણીની પોકાર ઉઠવા પામતી હતી સેકટરોમાં છાશવારે પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ ઉઠવા પામતો હતો જયારે ગરમીના દિવસોમાં તંત્ર કક્ષાએથી સેકટરોના બોર વધુ ચલાવી સપ્લાય પણ વધારી દેવાયો હતો જયારે વરસાદી દિવસોમાં સેકટરોમાં પાણીનો વરપરાશ ઘટયો છે.

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન ૨૦ ટકા જેટલો પાણીનો વપરાશ ઘટયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે પરંતુ હાલ વરસાદી દિવસોમાં પાણીના ઘટતા વપરાશ વચ્ચે પણ નવા સેકટરોમાં કેટલાક પોકેટમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. જેની સાથે સેકટરોમાં સપ્લાય થતા પાણીની ગુણવત્તા સામે સવાલ મંડરાયો છે. શહેરમા આમ પણ વરસાદી દિવસોમાં એકબાજુ કોરાના, મેલેરિયા, ડેન્ગયુ અને ચિકનગુનિયા સહીતનો રોગચાળો જોર પકડી રહ્યો છે. જયારે કમળા અને ટાઇફોઇડના કેસ પણ સામે આવી રહ્યા છે. આવા સંજોગોમાં પાણીની ગુણવત્તા સામે પણ સવાલો મંડરાતા સેકટરવાસીઓ ગમે ત્યારે રોગચાળાની ગિરફતમાં આવી જશે તેવો પણ ભય તેમને સતાવી રહ્યો છે. સેકટરોમાં છેલ્લા બે દિવસથી અત્યંત ડહોળુ પાણી આવી રહ્યુ હોવાનો આક્રોશ વ્યકત કરતા રહીશોના જણાંવ્યા મુજબ પાણી ઉપયોગમાં લેતા પણ ભય અનુભવાય છે.

પાણીની ગુણવત્તા ચકાસવા માટે તંત્ર કક્ષાએથી નમુના લેવાની કામગીરી તેજ કરવામાં આવે તેમજ ડહોળા પાણીની સમસ્યા દુર થાય તે માટે પણ ત્વરિત અસરથી પગલા લેવાય તે અત્યંત અનિવાર્ય છે.

# આજે મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં ૩૫ જેટલા મુદ્દાઓ પર નિર્ણય લેવાશે

**સ્થાયી સમિતિની બેઠક સે. ૧૭ના ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાં મળશે**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકાની બારમી સ્થાયી સમિતિની બેઠક આજે મનપાના નવા બનાવેલા ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે મળશે અને તેમાં ૩૫ જેટલા મુદ્દાઓ પર ચર્ચાને અંતે નિર્ણય લેવામાં આવશે.

મનપાની સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલના અધ્યક્ષપદે સવારે ૧૧.૩૦ કલાકે આ બેઠકનો આરંભ થવાનો છે. આ બેઠકમાં વહીવટીય કામગીરી ઉપરાંત કેટલાક મહત્વના ટેન્ડરો અંગે નિર્ણય કરવામાં આવશે.

આજે મળનારી આ બેઠકમાં એક બે મુદ્દાઓ જે અગાઉની સ્થાયી સમિતિમાં મુલ્તવી રાખ્યા હતા તેના પર ચર્ચા વિચારણા બાદ નિર્ણય લેવામાં આવશે. આ વખતે જે ટ્રી ગાર્ડ જુના મનપા દ્વારા લઈ લેવાયા છે તેને રીસાયકલીંગ કરવાના ટેન્ડર ઉપરાંત નવા ટ્રી ગાર્ડની ખરીદી માટેના ટેન્ડર અંગે આખરી નિર્ણય લેવામાં આવશે. આજની આ બેઠકમાં મેયરના વિદેશ પ્રવાસ અંગેની દરખાસ્ત પર પણ નિર્ણય લેવામાં આવશે.

મ્યુનિ. ફાયનાન્સ બોર્ડે મંજૂર કરેલા કામોના ટેન્ડરોને પણ આજની બેઠકમાં સમાવવામાં આવ્યા છે. આ ઉપરાંત દબાણ શાખાને વધુ ગ્રાન્ટ ફાળવવા, ચૂંટણી શાખાને પણ વધુ ગ્રાન્ટ ફાળવવા અંગેની દરખાસ્તો વિચારણામાં લેવામાં આવશે.

મનપામાં આઉટ ગ્રોથ વિસ્તારના ઘન કચરા માટે ગામોએથી કચરો વહન કરી મનપાની ડમ્પીંગ સાઈટ સુધી લાવવા માટેની દરખાસ્ત પણ ચર્ચા માટે રજુ કરવામાં આવી છે. મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે આ કચરાના સેગ્રીગેશન સહિતની કામગીરી માટે ઔડા ખર્ચો ઉપાડશે તેવી તૈયારી દર્શાવી છે.

સ્વચ્છતા સર્વેક્ષણ માટે જન જાગૃત્તિ અંગે પાયલોટ પ્રોજેક્ટ સે. ૧ થી ૫ અને ઈન્ફોસીટી વિસ્તારમાં ખાનગી એજન્સીને સોંપવા અંગેના ટેન્ડર પર નિર્ણય કરવામાં આવશે.

મનપાના કાઉન્સીલરો અને પદાધિકારીઓને તેમની ગ્રાન્ટમાંથી ફાળવવા માટે ૨૫ હજાર ખુરશીઓ ખરીદવામાં આવશે અને આ ટેન્ડર પર આજની બેઠકમાં નિર્ણય લેવામાં આવશે.

ડમ્પીંગ સાઈટ માટે હેવી મશીનરી ભાડે લેવાનો મુદ્દો જે અગાઉની સ્થાયી સમિતિમાં મુલ્તવી રખાયો હતો તેના પર આજની બેઠકમાં ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે.

આ બેઠકમાં નવી ટી.પી.ના પણ કેટલાક મુદ્દાઓ પર મહત્વના નિર્ણયો લેવામાં આવનાર છે.

**માર્ગ સલામતી અને સુશોભનને અનુલક્ષી**

# સર્કલોની જાળવણી મુદ્દે સંસ્થાઓને નોટીસ અપાશે

**શહેરમાં સર્કલો ફરતે તુટેલી રેલીંગ અને રીફલેકટર લાઇટસનુ કામ હાથ ધરાશે : લાંબા સમયથી જાળવણીના અભાવે મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો આકર્ષણ ગુમાવી રહ્યા છે**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો તેની સુંદરતા ગુમાવી રહ્યા છે. શહેરમાં મુખ્યમાર્ગ વચાળે સ્થિત સર્કલોની ફરતે રેલીંગ અને રીફલેકટર લાઇટસ પણ તુટેલી હાલતમાં છે. જયારે સર્કલોની જાળવણીની જવાબદારી જે સંસ્થાઓને સોંપવામાં આવી છે. ત્યારે આ સંસ્થાઓ પણ જાળવણીના મામલે બેદરાકારી દાખવતા તંત્ર કક્ષાએથી આ સંસ્થાઓને નોટીસ આપવામાં આવશે.

શહેરના મુખ્ય માર્ગ પર વિવિધ સર્કલોને વિકસાવામાં આવ્યા છે. સર્કલોને વિવિધ થીમ પર વિકસાવાની તેમજ તેની જાળવણી કરવા માટેની જવાબદારી પણ સંસ્થાઓને સોપવામાં આવી છે. મોટાભાગે વાઇબ્રન્ટ સમિટ દરમિયાન જ શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલોની જાળવણી મુદ્દે સંસ્થાઓ જાગૃત જોવા મળે છે. ત્યારે સર્કલોની સફાઇ અને રોશની સહીત રીપેરીંગનુ કામ હાથ ધરવામાં આવે છે. પરંતુ આડા દિવસોમાં સર્કલોની સફાઇ તેમજ અકસ્માત દરમિયાન તુટેલી રેલીંગ કે લાઇટ રીફલેકટરની દરકાર લેવામાં આવતી નથી. જયારે શહેરમાં વધતા માર્ગ અકસ્માત દરમિયાન પોલીસ તંત્ર કક્ષાએથી પણ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જેના અંતે માર્ગો પર સ્થિત સર્કલોની તુટેલી રેલીંગ તેમજ જે સર્કલો પર લાઇટીંગ તેમજ રીફલેકટર તુટેલી હાલતમાં છે તેવા સર્કલ આસપાસના વિસ્તારમાં અકસ્માતોનુ પ્રમાણ વધ્યુ છે. જયારે આ સર્વે અને અભ્યાસના અંતે જે સર્કલો પર રેલીંગ કે લાઇટીંગ તુટેલી છે તેને યોગ્ય કરવામાં આવશે રીફલેટર તેમજ લાઇટ લગાવાશે. જયારે પાટનગર

● અનુસંધાન-૭ પર

# ૪૦ હજાર મતદારોએ આધાર લીંક માટે તંત્રને અરજીઓ કરી

**સંક્ષિપ્ત મતદારયાદી સુધારણા ઝુંબેશમાં જિલ્લાની અન્ય ચાર બેઠકોની તુલનામાં ગાંધીનગર(ઉ)માં મધ્યમ પ્રતિસાદ**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં ૪૦ હજારથી વધુ મતદારોએ આધાર લીંક માટેની અરજીઓ ચૂંટણીપંચને આપી છે. માણસા અને કલોલ વિધાનસભા મત વિસ્તારમાં આવી અરજીઓ ૧૦-૧૦ હજારથી વધુ મળી છે.

જિલ્લામાં મતદારયાદીને આધાર લીંક કરવાની કામગીરી પર આ વખતે વધુ ભાર મુકવામાં આવ્યો છે. પંચે આ કામગીરી ફરજીયાત નહિ હોવાની કરેલી સ્પષ્ટતા પછી જિલ્લાઓમાં આ માટે ખાસ આગ્રહ સેવવામાં આવી રહ્યો છે.

જિલ્લામાં હાલ ચાલી રહેલી મતદાર સંક્ષિપ્ત સુધારણા યોજનામાં નવા નામ દાખલ કરવા માટે અત્યાર સુધીમાં ૮૫૪૨ અરજીઓ મળી છે. જેમાં ૫૦૨૬ અરજીઓ ૧૮ થી ૧૯ વર્ષના વયજૂથની અને ૨૦ થી ૨૯ વર્ષના વયજૂથમાં ૨૨૨૭ અરજીઓ મળી છે.

માણસા અને ગાંધીનગર(દ) વિધાનસભા મતદાર વિભાગમાં અરજીઓ નવા નામ દાખલ કરવા માટે વધુ મળી છે. જ્યારે સૌથી ઓછી અરજી ગાંધીનગર (ઉ)માં મળી છે.

જિલ્લામાં મતદારયાદી સુધારણામાં સારો પ્રતિસાદ સાંપડી રહ્યાનો તંત્રનો દાવો છે એટલુ જ નહિ આધાર સાથે મતદારયાદીનો ક્રમાંક જોડવાને પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

● અનુસંધાન-૭ પર

# ૭૧ જેટલા બી.એલ.ઓ.ને નબળી કામગીરીને લઈ નોટીસ ફટકારતાં કલેક્ટરને આવેદન પત્ર આપ્યુ



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં ૭૧ જેટલા બુથલેવલ ઓફિસરોને તંત્ર દ્વારા નોટીસ આપતાં આજે આ મુદ્દે આ કર્મચારીઓએ આજે વિરોધ નોંધાવી અને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં હાલ મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ ચાલી રહી છે અને પ્રથમ રવિવારની સઘન ઝુંબેશમાં ૭૧ જેટલા બુથલેવલ ઓફિસરોની નબળી કામગીરી જણાતાં તંત્રએ નોટીસ ફટકારી હતી.

જિલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના નેજા હેઠળ આજે આ બી.એલ.ઓ.એ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ઉગ્ર રજુઆતો કરી હતી. આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યુ છે કે ઓનલાઈન અને ઓફલાઈન કામગીરીને કારણે સમય વધુ જતો હોય છે. બીજુ કે ગ્રામ્ય વિસ્તારમાં નેટવર્કના પ્રશ્નો પણ વધુ હોવાથી કામગીરી પર વિપરીત અસરો પડી રહી છે. બી.એલ.ઓ.ની નિમણુંકમાં ગ્રામ્ય વિસ્તારના કર્મયોગીઓને શહેર અને શહેરવાળાને ગ્રામ્ય વિસ્તારમાં મુકવામાં આવ્યા હોવાથી પણ કેટલીક તકલીફો પડી રહી હોવાની રજુઆત કરવામાં આવી છે.

● અનુસંધાન-૭ પર

**શેર ઇન્ડિયા સિક્યોરિટીઝ લીમીટેડ**

Share India — You generate, we multiply

CIN: L67120GJ1994PLC115132

રજીસ્ટર્ડ ઓફીસ : યુનિટ નં. ૬૦૪-એ, ૬૦૪-બી, ૬૦૫-એ, ૬૦૫-બી, છઠ્ઠો માળ, ટાવર-એ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, ગિફ્ટ સિટી, બ્લોક-૫૧ ઝોન-૫, રોડ ૫ઇ, ગિફ્ટ સિટી ગાંધીનગર, ગુજરાત-૩૮૨૩૫૫
ફોન: +૯૧-૧૨૦-૪૯૧૦૦૦૦; વેબસાઇટ: www.shareindia.com ઇમેઇલ: vikas_cs@shareindia.com

**૨૮મી વાર્ષિક સામાન્ય સભાની જાહેર નોટીસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે **શેર ઇન્ડિયા સિક્યોરીટીઝ લીમીટેડ**ના સભ્યોની **૨૮મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ)** કંપની કાયદા, ૨૦૧૩ ની લાગુ જોગવાઇઓ અને તે હેઠળ બનાવેલ નિયમો અને કોર્પોરેટ અફેર્સ મંત્રાલય (એમસીએ) દ્વારા જારી કરાયેલ તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦, ૫ મે, ૨૦૨૦, ૫ મે, ૨૦૨૦ ની ના સામાન્ય પરિપત્રો અને અને અન્ય લાગુ પરિપત્રો અને સેબીના ૧૨ મે, ૨૦૨૦ અને ૧૩ મે, ૨૦૨૨ તારીખના પરિપત્ર (સેબી પરિપત્ર) ના અનુપાલનમાં **ગુરૂવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે** (ભારતીય સમય) વિડિયો કોન્ફરન્સીંગ (વીસી) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) સવલત દ્વારા એજીએમની નોટીસમાં જણાવેલ વ્યવસાયના વ્યવહારો કરવા માટે યોજાશે.

સદરહું એમસીએ અને સેબી પરિપત્રો મુજબ, નાણાંકિય વર્ષ ૨૦૨૧-૨૨ ના વાર્ષિક અહેવાલ સહિતની એજીએમની નોટીસ જે સભ્યોના ઇમેઇલ આઇડી કંપની/ડીપોઝીટરીઝ પાસે ઉપલબ્ધ છે તેમને ઇલેક્ટ્રોનિક રીતે મોકલવામાં આવી છે. એજીએમની નોટીસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ એટલે કે www.shareindia.com અને સ્ટોક એક્સેચન્જ એટલે કે www.bseindia.com અને www.nseindia.com અને એનએસડીએલ એટલે કે www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે.

કંપની તેના સભ્યોને એજીએમની નોટીસમાં જણાવેલ કાર્યો પર ઇલેક્ટ્રોનિક રીતે તેમના મત આપવા માટે નેશનલ સિક્યોરીટીઝ ડિપોઝીટરી લીમીટેડ (એનએસડીએલ) દ્વારા રીમોટ ઇ-વોટીંગ સવલત આપી રહી છે. કંપનીએ રીમોટ ઇ-વોટીંગ સવલત પુરી પાડવા માટે અધિકૃત એજન્સી તરીકે નેશનલ સિક્યોરીટીઝ ડિપોઝીટરી લીમીટેડ (એનએસડીએલ) ની સેવાઓની નિમણુક કરી છે.

રીમોટ ઇ-વોટીંગ **સોમવાર, ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સવારે ૯.૦૦ કલાકે (ભારતીય સમય) શરૂ થશે અને બુધવાર, ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૨** ના રોજ સાંજે ૫.૦૦ કલાકે (ભારતીય સમય) પૂર્ણ થશે. જણાવેલ તારીખ અને સમય પછી રીમોટ ઇ-વોટીંગ માન્ય ગણાશે નહી. જે સભ્યોના નામ કટ ઓફ તારીખ **શુક્રવાર, ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૨** ના રોજ સભ્યો/લાભાર્થી માલિકોના રજીસ્ટરમાં હાજર છે ફક્ત તેઓ જ વાર્ષિક સામાન્ય સભા પહેલા અને દરમિયાન રીમોટ ઇ-વોટીંગની સવલત મેળવવા હકદાર ગણાશે. કોઈપણ વ્યક્તિ, જેઓ કંપનીના શેર ધરાવે છે અને એજીએમની નોટીસની રવાનગી પછી કંપનીના સભ્ય બન્યા છે અને કટ ઓફ તારીખ **શુક્રવાર, ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૨** ના રોજ કંપનીના શેરો ધરાવે છે તેઓ evoting@nsdl.co.in પર અરજી મોકલીને યુઝર આઇડી અને પાસવર્ડ મેળવી શકે છે. આમ છતાં, જો તમે પહેલેથી રીમોટ ઇ-વોટીંગ માટે એનએસડીએલમાં રજીસ્ટર્ડ છો તો તમારા વર્તમાન યુઝર આઇડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને તમારા મત આપી શકો છો.

સભ્યો/શેરહોલ્ડરો જેમણે ઇ-વોટીંગ દરમિયાન તેમના મત આપ્યા નથી, ફક્ત તેઓ સભા દરમિયાન ઇલેક્ટ્રોનિક રીતે તેમના મત આપી શકે છે. ત્યારબાદ મતદાન માટે ઇ-વોટીંગ મોડ્યુલ એનએસડીએલ દ્વારા બંધ કરવામાં આવશે. જે સભ્યોએ સભા પહેલા રીમોટ ઇ-વોટીંગથી તેમના મત આપ્યા છે, તેઓ સભામાં પણ હાજર રહી શકે છે પરંતુ ફરીથી તેમના મત આપવા હકદાર ગણાશે નહી.

રીમોટ ઇ-વોટીંગ માટેની કોઇપણ ફરિયાદો/પ્રશ્નો માટે, **શ્રી વિકાસ અગ્રવાલ, કંપની સેક્રેટરી અને કમ્પલાયન્સ અધિકારીનો ઇ-મેઇલ : vikas_cs@shareindia.com અથવા એ-૧૫, સેક્ટર-૬૪, ગૌતમ બુધ્ધ નગર, ઉત્તર પ્રદેશ-૨૦૧ ૩૦૧ અથવા ૦૧૨૦-૪૯૧૦૦૦૦ પર સંપર્ક કરી શકાશે.**

શેર ઇન્ડિયા સિક્યોરિટી લીમીટેડ વતી
**સહી/-**
**વિકાસ અગ્રવાલ**
**કંપની સેક્રેટરી અને કમ્પલાયન્સ અધિકારી**

**સ્થળ : નોઇડા**
**તારીખ : ૨૯.૦૮.૨૦૨૨**

# ગુડા હવે કોન્ટ્રાકટર્સ પાસેથી ટેન્ડર ડીપોઝીટની રકમ ૩ ટકા જ વસુલશે

**કોરોનાની વૈશ્વિક મહામારીને અનુલક્ષી અગાઉ સરકારે નિર્ણય લીધો હતો જેનો ગુડાએ અમલ શરૂ કર્યો**

ગાંધીનગર તા ૨૯

કોરોનાની વૈશ્વિક મહામારીના લીધે જાહેર આરોગ્ય માથે મોટુ જોખમ મંડારાવાની સાથે આર્થિક સ્થિતિ પણ બેહાલ બની છે. જયારે આ સ્થિતિ વચ્ચે વિકાસના અનેકવિધ કામો ઉપરાંત માળખાગત સુવિધાની કામગીરી ઉપર પણ વિપરિત અસર વર્તાઇ રહી છે. આ સ્થિતિ વચ્ચે આ કામગીરી સાથે જોડાયેલા કોન્ટ્રાકટર્સને નાણાંકીય સાનુકુળતા રહે તે માટે સરકારે ટેન્ડર પ્રક્રીયા દરમિયાન કોન્ટ્રાકટર પાસેથી લેવાતી ડિપોઝીટની ૧૦ ટકા હતી જેમાં ઘટાડો કરીને હવે ૩ ટકા કરી દેવામાં આવી છે. જયારે આ મુદ્દે ગુડાએ અમલ શરૂ કરી દીધો છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની અગાઉ મળેલી બોર્ડ બેઠકમાં ઈન્ફ્રાસ્ટ્રકચર બ્રાન્ચ દ્વારા દરખાસ્ત રજુ કરવામાં આવી હતી. જયારે આ દરખાસ્તમા નવા બહાર પાડવામાં આવેલા ટેન્ડરમાં પરફોર્મન્સ બોન્ડ ઉપરાંત સિકયુરીટી ડીપોઝીટ અલબત્ત ટેન્ડર ભરનાર પાસેથી લેવામાં આવતી બાનાની રકમ ૩ ટકા જ લેવા માર્ગ મકાન વિભાગનો ઠરાવ પણ જોડવામાં આવ્યો હતો. જો કે માર્ગ મકાન વિભાગ દ્વારા સિકયુરીટી ડીપોઝીટની રકમ મામલે ગત એપ્રિલ મહીનાથી જ અમલ શરૂ કરી દેવાયો હતો. આ મામલે અધિકારીઓએ ઉદાહરણ સાથે જણાંવ્યુ હતુ કે કોન્ટ્રાકટર્સે એક કરોડના કામને અનુલક્ષી અગાઉ રૂ ૧૦ લાખ ડીપોઝીટ ભરવાની થતી હતી જયારે હવે આ નિર્ણય મુજબ માત્ર ૩ લાખ રૂપિયા જ ભરવાના થશે. જયારે આ સિક્યુરીટી રકમમાં ઘટાડો કરવાના નિર્ણયના લીધે કોન્ટ્રાકટર્સો પાસે નાણાંકીય પ્રવાહની સાનુકુળતા ઉભી થશે. જેના લીધે માળખાગત સુવિધાના કામો ઉપરાંત વિકાસના પ્રોજેકટમાં આવતી નાણાંકીય અડચણો પણ નિવારી શકાશે. આ સાનુકુળતાના લીધે કામમાં પણ ગતિ આવશે અને ઝડપથી કામ પુર્ણ થશે. જયારે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ કક્ષાએ બેઠકમાં રજુ કરાયેલી આ દરખાસ્તને અનુલક્ષી

● અનુસંધાન-૭ પર

# કોરોનાનો ઉછાળો : શહેર-જિલ્લામાં નવા ૧૭ કેસ નોંધાયા

**શહેરમાં સે. ૨, ૯, ૨૩, ૨૪ અને સરગાસણમાંથી કેસ મળ્યા : ગ્રામ્યમાં ગાંધીનગરમાં ૩, કલોલમાં ૮ અને માણસામાં ૧ કેસ નોંધાયો**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના સંક્રમણમાં સતત ઘટાડા પછી આજે ઉછાળો નોંધાતા તંત્રની ચિંતામાં વધારો થયો છે. સતત કેસની સંખ્યામાં ચડાવ-ઉતાર નોંધાતા તંત્રની ચિંતા ઓછી થવાનું નામ લેતી નથી.

ગાંધીનગર શહેરમાં કોરોનાના નવા ૫ કેસ તો ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૨ કેસ નોંધાયા છે. જો કે આજે રિકવર થઈ ડિસ્ચાર્જ મેળવનારની સંખ્યા ઓછી છે. શહેરમાં પાંચ દર્દી અને ગ્રામ્ય વિસ્તારમાં બે દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં અને જિલ્લામાં કોરોનાના કેસો લોકલ ટ્રાન્સમિશનથી ફેલાઈ રહ્યા છે. કોરોના ગાઈડલાઈનના પાલનમાં લોકો જે બેફિકરાઈ દાખવી રહ્યા છે તેને પગલે તંત્રની ચિંતા વધી છે અને સંક્રમણ નાથવામાં અંતરાયો ઉભા થઈ રહ્યા છે. શહેરની વિવિધ સરકારી કચેરીઓમાં સેનેટાઈઝેશન માટે મુકેલા મશીનો ઉતારી લેવાયા છે એટલુ જ નહિ કેટલાક તો કામ કરતા પણ બંધ થઈ ગયા છે.

શહેર-જિલ્લામાં કેસો વધી રહ્યા છે પણ હળવા લક્ષણો ધરાવતા દર્દીઓ હોવાને કારણે હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો અને રિકવરી રેટ સારો હોવાથી તંત્રને પણ રાહત છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે નવા પાંચ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસમાં ત્રણ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દી લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થયાનું તંત્રની પ્રાથમિક તપાસને અંતે જાણવા મળેલ છે. શહેરમાં હવે છુટા છવાયા કેસો મળી રહ્યા હોવાથી તંત્રની દોડધામ પણ વધી છે. શહેરમાં આજે સે. ૨, ૯, ૨૩, ૨૪ અને સરગાસણ ગામેથી કેસો મળ્યા છે. આજે

● અનુસંધાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com